# વનસ્પતિશાસ્ત્રી

વનસ્પતિશાસ્ત્રી વનસ્પતિઓનો અભ્યાસ કરે છે અને મુખ્યત્વે વનસ્પતિની રચના, ગુણધર્મો અને જૈવરાસાયણિક પ્રક્રિયાઓના સંશોધન સાથે સંબંધિત છે. તેઓ આ જ્ઞાનનો ઉપયોગ પર્યાવરણીય સંરક્ષણ કાર્યક્રમો વિકસાવવા માટે તેમજ તેને પ્રોત્સાહન આપવા, છોડ ઉગાડવાની તકનીકોમાં સુધારો કરવા તથા દવાઓ, ખોરાક, કાપડ અને અન્ય ઉત્પાદનોમાં વનસ્પતિના ઉપયોગ અંગે વધુ જાણકારીઓ મેળવવા માટે કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમને પ્રયોગો કરવા ગમે છે
- તમે વિજ્ઞાન અને ગણિતમાં રૂચિ ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. વનસ્પતિ શાસ્ત્રમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વનસ્પતિશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
રૂ. ૧૬,૧૬૬ થી ૮૩,૩૩૩* જેટલું હોય છે.

સ્રોતઃ https://www.payscale.com/research/IN/Job=Botanist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ખાનગી સંશોધન પ્રયોગશાળાઓ, બાયોટેકનોલોજી ફર્મ્સ, ફાર્માસ્યુટિકલ કંપનીઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ, કેમિકલ ઉદ્યોગ સહિત અન્ય.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ કામગીરી માટે તમારી વ્યાપક રીતે ફિલ્ડ વર્ક કરવું પડી શકે છે. તમારે ટીમનું સંચાલન કરવાની જવાબદારી નિભાવવાની રહેતી નથી. પાર્ટ-ટાઇમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → વનસ્પતિશાસ્ત્રી → વરિષ્ઠ વનસ્પતિશાસ્ત્રી → મુખ્ય સંશોધક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બોટનિસ્ટ, પ્લાન્ટ સાયન્ટીસ્ટ, પ્લાન્ટ રિસર્ચર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૨. હિંદુ કોલેજ, દિલ્હી
૩. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, કોઈમ્બતુર
૪. એમ.એસ.યુ., વડોદરા
૫. ઓસ્માનિયા યુનિવર્સિટી કોલેજ ફોર વુમન, હૈદરાબાદ
૬. મહારાજા કોલેજ, એર્નાકુલમ
૭. ગવર્મેન્ટ હોલકર સાયન્સ કોલેજ, ઈન્દોર
૮. વી.એન.એસ.જી.યુ., સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. યુકા તરસાડિયા યુનિવર્સિટી, બારડોલી
૨. માઉન્ટ કાર્મેલ કોલેજ, બેંગલુરૂ
૩. પી.એસ.જી. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોઈમ્બતુર
૪. રામનારાયણ રૂઈયા કોલેજ, મુંબઈ
૫. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૬. સર પરશુરામભાઉ કોલેજ, પુણે
૭. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૮. કે.જે સોમૈયા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc19_bt17/preview/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**જાનકી અમ્મલ** એક પ્રસિદ્ધ વનસ્પતિશાસ્ત્રી છે. તેમના કામગીરી મુખ્યત્વે સાયટોજેનેટિક્સ, ફાયટોજીઓગ્રાફી અને છોડના સંવર્ધન પર કેન્દ્રિત હતી. તેણીએ પ્રેસિડેન્સી કોલેજમાંથી વનસ્પતિશાસ્ત્રમાં ઓનર્સની પદવી મેળવી અને પછી વર્ષ ૧૯૨૪માં મિશિગન યુનિવર્સિટીમાં જોડાયા. વર્ષ ૧૯૨૬માં તેમણે બાર્બોર સ્કોલરશિપ પર વનસ્પતિશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી. વર્ષ ૧૯૭૭માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. સ્વદેશી શેરડીની જાતોના વૈવિધ્યમાં સુધાર લાવવાના પ્રયાસોનો શ્રેય તેમને આપવામાં આવે છે. તેણીએ સમગ્ર દેશમાં શેરડીના ભૌગોલિક વિતરણના વિશ્લેષણમાં પણ મદદ કરી. અમ્માલ, ફેબ્રુઆરી ૧૯૮૪માં અવસાન પામ્યા ત્યાં સુધી મદુરાવોયલ ખાતે કેન્દ્રની ફિલ્ડ લેબોરેટરીમાં રહ્યા અને કામ કરતા રહ્યા.*

સ્રોત:https://www.thefamouspeople.com/indian-botanists.php

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.